પેશતનજી ! મારી સાથે મારા કાકાનાં બાગમાં આવો; આપણને ત્યાં સારી મંડળી મલશે. Pestonjee, come with me to my uncle's garden; we shall find there very agreeable society. (પેસ્તનજી, કમ ઉવીથ મી ટુ માઈ અન્કલ્સ ગાર્ડન; ઉવી શૅલ ફાઇન્ડ વૅરી ઍગ્રીએબલ સોસાએટી.)

તે મંડળી મને દાખલ કરશે કે ? Will the society admit me ? (ઉવીલ ધી સોસાએટી ઍડમીટ મી ?)

તમે મારી સાથે દરેક ઠેકાણે ભલે આવો. You are welcome everywhere with me. (યુ આર ઉવૅલકમ ઍવરી ઉવ્હૅર ઉવીથ મી)

પી. ને તમારી સાથે કેમ લાવ્યા નહીં ? Why did you not bring P. with you ? (ઉવાહૅ ડીડ યુ નૉટ બ્રીંગ પી. ઉવીથ યુ ?)

તે શરમાય છે, કારણ તેની પાસે પૈસા નથી. He feels ashamed, because he has no money. (હી ફીલ્સ ઍશેમ્ડ, બિકૉઝ હી હૅઝ નો મની)

શોરાબ ! અહિંયા આવો હું તમને કાંઇ બતલાઉં. Sorab ! come here, I will show you something. (સોરાબ ! કમ હીઅર, આઇ ઉવીલ શો યુ સમથીંગ)

એ શું છે ? What is it ? (ઉવૉટ ઈઝ ઈટ ?)

તમને એ કયાંથી જડયું ? Where did you find it ? (ઉવ્હૅર ડીડ યુ ફાઇન્ડ ઇટ ?)

મને તે નદી કાંઠેથી જડયું. I found it on the bank of the river. (આઇ ફાઉન્ડ ઇટ ઑન ધી બૅન્ક ઑફ ધી રિવર)

તમે એવી વસ્તુ કોઇ વખત જોઇ હતી ? Have you ever seen such a thing ? (હૅવ યુ ઍવર સીન સચ એ થીંગ ?)

મારી જીંદગીમાં કદી નહીં. Never, in my life. (નૅવર, ઇન માઇ લાઇફ)

તમે તે કોઇને બતલાવ્યું કે ? Have you shown it to any body ? (હૅવ યુ શોન ઇટ ટુ ઍની બૉડી ?)

નહીં, હજી મેં તે કોઇને બતલાવ્યું નથી. No, I have not shown it to any body yet. (નો આઇ હૅવ નૉટ શોન ઇટ ટુ ઍની બૉડી યૅટ.)

હું ધારૂં છું કે તમે લાંબુ ચાલી આવ્યાથી થાકી ગયા છો. I suppose you have been tired owing to long walk. (આઇ સપોઝ યુ હૅવ બીન ટાયર્ડ ઓઇંગ ટુ લૉંગ ઉવૉક)

નહીં, હું બીલકુલ થાકી ગયો નથી No, I am not tired at all. (નોં, આઇ ઍમ નૉટ ટાયર્ડ ઍટ ઑલ)

સાંજનાં તમે ઘેરમાં હોવો છો ત્યારે તમારો વખત કેમ ગુજારો છો? How do you pass your time when you are at home in the evening? (હાઉ ડુ યુ પાસ યૉર ટાઇમ ઉવ્હેન યુ આર ઍટ હોમ ઇન ધી ઇવનીંગ?)

ઘણી સારી રીતે, કેમકે હમારા ઘેરમાં થોડા દોસ્તો આવે છે. Very pleasantly, for we often see some friends at our house. (વૅરી પ્લૅઝન્ટલી, ફૉર ઉવી ઑફ્ન સી સમ ફ્રૅન્ડ્ઝ ઍટ અવર હાઉસ)

કાલે સાંજનાં જ્યારે હું તમને મલ્યો, ત્યારે તમે કયાં જતા હતા? Where were you going, when I saw you last evening? (ઉવ્હૅર ઉવર યુ ગોઇંગ, ઉવ્હૅન આઇ સૉ યુ લાસ્ટ ઇવનીંગ?)

હું કલબમાં જતો હતો. I was going to the club. (આઇ ઉવૉઝ ગોઇંગ ટુ ધી કલબ)

તમે મને કયાં લઇ જવા માંગો છો? Where do you wish to take me to? (ઉવ્હૅર ડુ યુ ઉવીશ ટુ ટેક મી ટુ?)

હું તમને મારે ઘેર લઇ જવા માંગું છું I wish to take you to my house. (આઇ ઉવીશ ટુ ટેક યુ ટુ માઇ હાઉસ.)

તમે પોતે પોતાને ગમત કેમ આપો છો? How do you amuse yourself? (હાઉ ડુ યુ ઍમ્યુઝ યૉરસેલ્ફ?)

હું લખવા વાંચવામાં ગમત મેળવું છું. I amuse myself in reading and writing. (આઇ ઍમ્યુઝ માઇસેલ્ફ ઇન રીડીંગ ઍન્ડ રાઇટીંગ.)

ગઇ કાલે તમે તમારા ભાઇની સાથે બાહેર ગયા હતા કે? Did you go out with your brother yesterday? (ડીડ યુ ગો આઉટ ઉવીથ યૉર બ્રધર યસ્તરડે?)

નહીં, હું તેના ગયા પછી મારી કલબમાં ગયો હતો. No, I went to my club after his going. (નો, આઇ વેન્ટ ટુ માઇ કલબ આફ્તર હીઝ ગોઇંગ)

જો તમને કામ નહીં હોય તો મેહેરબાંની કરી આજે સાંજનાં મારે ત્યાં આવજો. If you have nothing to do, kindly come to my house this evening. (ઇફ યુ હૅવ નથીંગ ટુ ડુ, કાઇન્ડલી કમ ટુ માઇ હાઉસ ધિસ ઇવનીંગ)

હું ખચીત આવીશ, તમે બાહેર જતા ના. I will positively come, you don't go out. (આઇ ઉવીલ પૉઝીટીવ્લી કમ, યુ ડોન્ટ ગો આઉટ)

તે આપણને ત્યાં જવા દેશે કે નહીં ? Will he allow us to go there or not ? (ઉવીલ હી અલાવ અસ ટુ ગો ધૅર ઑર નોટ ?)

અલબત, શું કામ નહીં ? Of course, why not ? (ઑફ કોર્સ, ઉવાઇ નૉટ ?)

ચાલો આપણે સુવા અગાઉ પાનાનાં એક બે દાવ રમીએ. Let us play a game or two at cards before going to bed. (લૅટ અસ પ્લે એ ગેમ ઑર ટુ ઍટ કાર્ડઝ બિફોર ગોઇંગ ટુ બેડ)

હા ચાલો આપણે રમીએ; ડી. ને બોલાવો. Yes, let us play; call D. (યસ, લૅટ અસ પ્લે, કૉલ ડી.)

હમણાં પાંનાં વહેંચવાની કોણની વારી છે ? Whose turn is it to deal the cards ? (હુઝ ટર્ન ઇઝ ઇટ ટુ ડીલ ધી કાર્ડઝ ?)

હમણાં તમારી વારી છે અને પછી ડી. ની છે. It is your turn now and the next will be D'.s. (ઇટ ઇઝ યૉર ટર્ન નાઉ ઍન્ડ ધી નૅક્સ્ટ ઉવીલ બી ડી.'ઝ)

તમે કેટલા દાવ રમ્યા ? How many games have you played ? (હાઉ મૅની ગેમ્સ હૅવ યુ પ્લેડ ?)

અમે ફક્ત બે દાવ રમીયા છીએ. We have played only two games. (ઉવી હૅવ પ્લેડ ઓન્લી ટૂ ગેમ્સ.)

ત્યાં આપણુને કોઇ ઘણો મોટેથી હાંક મારે છે. There is some one calling us very loudly. (ધેર ઇઝ સમ વન કૉલીંગ અસ વૅરી લાઉડલી.)

ચાલો જોઇએ તેઓ કોણ છે. Let us see who they are. (લૅટ અસ સી હુ ધે આર.)

નાટક.

મને ખેલનું કાગળ લાવી આપો. Get me a bill of the play. (ગૅટ મી એ બિલ ઑફ ધી પ્લૅ)

તે મારા ખીસામાં છે, લેવો. It is in my pocket, take it. (ઇટ ઇઝ ઇન માઈ પૉકેટ, ટેક ઇટ.)

જો તમારી મરજી હોય તો આપણે સાથે જઇએ. We shall go together, if you please. (ઉવી શૅલ ગો ટુગેધર, ઇફ યુ પ્લીઝ.)

ચાલો ત્યારે આપણે એકદમ જઇએ. Let us go then at once. (લૅટ અસ ગો ધૅન ઍટ વન્સ.)

દરવાજો કેટલે વાગતે ઉઘડે છે ? At what time does the door open ? (ઍટ ઉવૉટ ટાઇમ ડઝ ધી ડૉર ઓપન ?)

દરવાજો આઠ વાગતે ઉઘડે છે. The door opens at eight o'clock. (ધી ડૉર ઓપન્સ ઍટ એઇટ ઓ'કલૉક.)

મારે સારૂ બૉક્સમાં જગ્યા રોકો. Secure a seat for me in the box. (સિકયૉર એ સીટ ફૉર મી ઇન ધી બૉક્ષ.)

ઠીક છે, હું જાઉં છું; તમે જલદી આવજો. All right, I am going, you come soon. (ઑલ રાઇટ, આઇ ઍમ ગોઇંગ, યુ કમ સૂન.)

તમે ઘેરમાં રહેશો કે નાટશાલામાં જશો? Will you remain at home, or go to the theatre? (ઉવિલ યુ રિમેન ઍટ હોમ ઑર ગો ટુ ધિ થિએટર?)

જો તમે ત્યાં જશો તો હું તમારી સાથે આવીશ, નહીં તો હું ઘેરમાં રેહવાને વધારે પસંદ કરૂં છું. If you go there I will accompany you; otherwise I would prefer staying at home. (ઇફ યુ ગો ધેર આઇ ઉવીલ ઍકમ્પનિ યુ: અધરવાઇઝ આઇ ઉવુડ પ્રીફર સ્ટેઇંગ ઍટ હોમ.)

તમે આજે સાંજનાં મારી સાથે ખેલમાં આવશો: મારી પાસે બૉકસની ટીકીટ છે? Will you go with me to the play this evening; I have tickets for the boxes? (ઉવીલ યુ ગો ઉવિથ મી ટુ ધી પ્લે ધિસ ઇવનિંગ: આઇ હૅવ ટિકિટસ ફૉર ધિ બૉકસીસ?)

દીલોજાનથી: તમે કઇ નાટકશાલામાં જાઓ છો? With all my heart; to which theatre are you going? (ઉવીથ ઑલ માઇ હાર્ટ; ટુ ઉવિચ થિએટર આર યુ ગોઇંગ?)

હું વીકટોરીયા નાટકશાલામાં જાઉં છું. I am going to the *Victoria theatre.* (આઇ ઍમ ગોઇંગ ટુ ધિ વિકટોરિયા થિએટર.)

ગઇ રાતનાં તમે નાટકમાં એખલા ગયા હતા કે? Did you go alone to the theatre last night? (ડિડ યુ ગો અલોન ટુ ધિ થીએટર લાસ્ટ નાઇટ?)

નહીં, હું ત્યાં આપણા દોસ્ત સોરાબજી સાથે ગયો હતો. No, I had been there in company with our friend Sorabjee. (નો, આઇ હૅડ બિન ધેર ઇન કમ્પની ઉવીથ અવર ફ્રૅન્ડ સોરાબજી.)

તમે કેટલે વાગતે પાછા આવ્યા? At what time did you come back? (ઍટ ઉવૉટ ટાઇમ ડિડ યુ કમ બૅક?)

હું અઢી વાગતે પાછો આવ્યો. I came back at half past two. (આઈ કેમ બૅક ઍટ હાફ પાસ્ટ ટુ.)

ખરશેદજી, આજે નાટકમાં જવાની તમારી મરજી છે? Cursetjee, have you a mind to go to the theatre to-day? (ખરશેદજી, હેવ યુ અ માઇન્ડ ટુ ગો ટુ ધી થિએટર ટુ-ડે?)

મારી ત્યાં જવાની મરજી છે. I have a mind to go there. (આઇ હેવ અ માઇન્ડ ટુ ગો ધેર.)

તમે કેઇ નાટકશાલામાં જવા માંગો છો? To which theatre do you wish to go? (ટુ ઉવીચ થિએટર ડુ યુ ઉવીશ ટુ ગો?)

હું ગેઇટીમાં જવા માંગું છું. I wish to go to the Gaiety. (આઇ ઉવીશ ટુ ગો ટુ ધી ગેઇટી.)

તમે નાટકશાલામાં કેટલી વખત ગયા હતા? How many times had you been to the theatre? (હાઉ મૅની ટાઇમ્સ હૅડ યુ બીન ટુ ધી થિએટર?)

હું ત્યાં ફક્ત એક વખત ગયો હતો. I had been there only once. (આઇ હૅડ બીન ધેર ઓન્લી વન્સ.)

તમને ત્યાં કોઈ મલ્યું હતું કે? Did you see anybody there? (ડીડ યુ સી ઍનીબૉડી ધૅર?)

નહીં, મને ત્યાં કોઇ મલ્યું નહીં. No, I saw nobody there. (નો, આઇ સૉ નોબૉડી ધૅર.)

લીલી, તમે નાટકમાં આવવા સારૂ મને વચન આપો છો? Lily, do you promise me to come to the theatre? (લીલી, ડુ યુ પ્રૉમીસ મી ટુ કમ ટુ ધી થિએટર?)

હું તમને વચન આપું છું, હું ખચીત આવીશ. I promise you, I will positively come. (આઈ પ્રૉમીસ યુ, આઇ ઉવીલ પૉઝ-ટીવ્લી કમ.)

તમે કોઇને સારૂ ખોટી થાવો છો કે? Are you waiting for any one? (આર યુ ઉવેટીંગ ફૉર ઍની વન?)

હું કોઇને સારૂ ખોટી થતો નથી. I am waiting for no one. (આઇ ઍમ ઉવેટીંગ ફૉર નો વન)

તમે તમારી ગાડી સારૂ ખોટી થાવો છો કે? Are you waiting for your carriage? (આર યુ ઉવેટીંગ ફૉર યૉર કૅરેજ?)

હા, હું તેને સારૂ ખોટી થાઉં છું. Yes, I am waiting for it. (યસ, આઇ ઍમ ઉવેટીંગ ફૉર ઇટ)

તમે નાટકમાં છેલ્લા ક્યારે ગયા હતા? When did you go to the theatre last? (ઉવ્હેન ડીડ યુ ગો ટુ ધી થીએટર લાસ્ત?)

હું ત્યાં ગયા શનવારે ગયો હતો. I was there last Saturday. (આઇ ઉવૉઝ ધૅર લાસ્ત સૅતરડે)

તમારાં બેનો અને ભાઇઓ નાટકમાં જશે નહીં કે? Will not your brothers and sisters go to the theatre? (ઉવીલ નૉટ યૉર બ્રધર્સ ઍન્ડ સીસ્તર્સ ગો ટુ ધી થિએટર?)

તેઓ ત્યાં મારાં માની સાથે સાડાસાત વાગતે જશે. They will go there with my mother at half past seven. (ધે ઉવીલ ગો ધૅર ઉવીથ માઇ મધર ઍટ હાફ પાસ્ત સૅવન)

આપણે નાટકમાં કેટલે વાગતે જઇશું? At what time shall we go to the theatre? (ઍટ ઉવૉટ તાઇમ શૅલ ઉવી ગો ટુ ધી થિએટર?)

આપણે આઠે નીકલશું, અને પોણા નવે પહોંચશું. We shall set out at eight, and go there at a quarter to nine. (ઉવી શૅલ સૅટ આઉટ ઍટ એઇટ, ઍન્ડ ગો ધૅર ઍટ એ કવાર્ટર ટુ નાઇન)

મહીનામાં તમે કેટલી વખત નાટકમાં જાઓ છો? How many times in a month do you go to the theatre? (હાઉ મૅની ટાઇમ્સ ઈન એ મન્થ ડુ યુ ગો ટુ ધી થિએટર?)

હું ત્યાં મહીનામાં બે વખત જાઉં છું. I go there twice a month. (આઈ ગો ધેર ટ્વાઇસ એ મન્થ.)

તમે મને આજે રાતનાં નાટકશાલામાં જવાની રજા આપશો? Will you permit me to go to the theatre to-night? (ઉવીલ યુ પરમીટ મી ટુ ગો ટુ ધી થિએટર ટુ-નાઇટ?)

નહીં, ઘણું મોડું થયું છે, અને તમારી સાથે ઘરે આવનાર કોઈ નથી. No, it is already late, and you have nobody to escort you home. (નો, ઇટ ઈઝ ઑલરેડી લેટ, ઍન્ડ યુ હૅવ નોબાડી ટુ ઍસ્કાર્ટ યુ હોમ.)

પણ હવે હું નાનો છોકરો નથી, હું એકલો આવી શકીશ. But I am no longer a little boy; I can come alone. (બટ આઈ ઍમ નો લૉંગર એ લીટલ બૉય, આઇ કૅન કમ અલોન.)

નહીં, હું તને રાતનાં એકલો બાહેર જવા દેઈશ નહીં. No, I will not permit you to go out alone in the night. (નો આઇ ઉવીલ નૉટ પરમિટ યુ ટુ ગો આઉટ અલોન ઇન ધી નાઈટ.)

જેમ તમારી મરજી, ત્યારે હું જતો નથી. Just as you please then I am not going. (જસ્ત ઍઝ યુ પ્લીઝ, ધૅન આઇ ઍમ નૉટ ગોઇંગ.)

તમે મને આજે રાતનાં બાહેર જવાની રજા આપશો? Will you permit me to go out to-night? (ઉવીલ યુ પરમિટ મી ટુ ગો આઉટ ટુ-નાઇટ?)

તમારા બાહેર જવા વીશે મને પણ અડચણ નથી. I have not the least objection to your going out. (આઇ હૅવ નૉટ ધી લીસ્ટ ઑબ્જૅક્શન ટુ યૉર ગોઇંગ આઉટ)

આજે સવારે મારા બાવાએ શું કહ્યું તે તમે સાંભળ્યું ? Have you heard what my father said this morning ? (હૅવ યુ હર્ડ ઉવૉટ માઇ ફાધર સેડ ધિસ મૉર્નીંગ ?)

હા, તેવણે કહ્યું કે મારા પ્યારા દીકરા રાતનાં બાહેર જતો ના. Yes, he said, "my dear son, don't go out at night." (યસ, હી સેડ " માઇ ડીઅર સન, ડોન્ટ ગો આઉટ ઍટ નાઇટ ")

બીલીઅર્ડ.

અલ્યા ! મને બીલીઅર્ડ રમવાની જગ્યા ક્યાં મલશે ? I say where can I find a billiard room ? (આઇ સે ! ઉવ્હૅર કૅન આઇ ફાઇન્ડ એ બીલીઅર્ડ રૂમ ?)

સીધ્ધા પીલા બંગલામાં જાઓ. Go straight to the yellow bungalow. (ગો સ્ટ્રેટ ટુ ધી યલો બંગલો)

અમે અહીં બીલીઅર્ડ રમી શકશું ? Can we play at billiards here ? (કૅન ઉવી પ્લે ઍટ બિલ્યર્ડ્સ હીયર ?)

હા, સાહેબો; તમારી મરજી હોય તો આ રસ્તે આવો. Yes, gentlemen walk this way, if you please. (યસ, જૅન્ટલમૅન; ઉવૉક ધિસ ઉવે ઇફ યુ પ્લીઝ)

અમે ખાનગી ઓરડામાં રમી શકશું ? Can we play in a private room ? (કૅન ઉવી પ્લે ઇન એ પ્રાઇવેટ રૂમ ?)

હા, સાહેબ; પણ ભાવ વધારે છે. Yes sir; but the charges are higher. (યસ, સર; બટ ધી ચારજીઝ આર હાયર)

તમે નોંધનાર છો ? Are you a marker ? (આર યુ એ માર્કર ?)

હા, ગ્રહસ્થો. Yes, gentlemen. (યસ, જૅન્ટલમૅન)

તમે મારી સાથે એક દાવ રમશો ? Will you play a game with me ? (ઉવીલ યુ પ્લે એ ગેમ ઉવીથ મી ?)

નહીં, હું મારા દોસ્ત સાથે રમીશ. No, I shall play with my friend. (નો, આઇ શૅલ પ્લે ઉવીથ માઇ ફ્રૅન્ડ)

મારે સારૂ વધારે હલકી લાકડી શોધો. Find me a lighter cue. (ફાઇન્ડ મી એ લાઇટર ક્યુ)

આ લેવો, સાહેબ; આ લાકડી બહુજ હલકી છે. Take this, sir, this cue is the lightest (ટેક ધિસ, સર; ધિસ ક્યુ ઇઝ ધી લાઇટૅસ્ટ)

આપણે પુલ રમશું ? Shall we play at pool ? (શૅલ ઉવી પ્લે ઍટ પુલ ?)

મને વાંધો નથી. I have no objection (આઇ હૅવ નો ઑબ્જૅકશન.)

નોંધનાર ! અમને બે કપ કાફીના મોકલો. Marker, send us two cups of coffee. (માર્કર, સૅન્ડ અસ ટુ કપ્સ ઑફ કૉફી)

ઘણું સારૂં, સાહેબ. Very good. sir. (વૅરી ગુડ, સર)

નોંધનાર. અમારે શું આપવું છે ? Marker, how much have we to pay ? (માર્કર, હાઉ મચ હૅવ ઉવી ટુ પે ?)

તમે કેટલા દાવ રમયા, સાહેબો ? How many games. have you played, gentlemen ! (હાઉ મૅની ગેમ્સ હૅવ યુ પ્લેડ, જૅન્ટલમૅન ?)

અમે બે દાવ રમાયા છીએ. We have played two games. (ઉવી હૅવ પ્લેડ ટુ ગેમ્સ)

મને બે રૂપીઆ આઠ આના આપો, સાહેબ. Give me two rupees and eight annas, sir. (ગીવ મી ટુ રૂપીઝ ઍન્ડ એઈટ ઍનાઝ, સર.)

બે પ્યાલા કાફીનું બી દામ લેજો. Take also the charge for the two cups of coffee. (ટેક ઑલ્સો ધી ચાર્જ ફૉર ધી ટુ કપ્સ ઑફ કૉફી)

ઘણું સારૂં, સાહેબજી. Very good, sir, good night (વૅરી ગુડ, સર; ગુડ નાઈટ,)

દરીયાને માર્ગે મુસાફરી કરવાને લગતા વાકયો.

આગબોટ. Steamer (સ્ટીમર)
ઓરડી. Cabin (કૅબીન)
ખાવાનું. Boarding. (બોર્ડીંગ)
દેશી. Native. (નેટીવ)
ઉતારૂ. Passenger. (પૅસૅન્જર)
ઉભુર હેવું. To touch at. (ટુ ટચ ઍટ)
ગોદી. Docks. (ડૅાકસ)
ભાડું. Fare. (ફૅર)
કોથળો. Portmanteau (પૉર્ટમૅન્ટો)
પરોણાગત. Treatment. (ટ્રીટમૅન્ટ)
સફર. Voyage. (વૉએજ)
વધારે શાંત. Calmer. (કામર)
થોભવું. To remain. (ટુ રીમેન)
જગાત આફીસ. Custom house (કસ્ટમ હાઉસ)
સામાન. Luggage. (લગેજ)
તપાસવું. To examine. (ટુ ઍકઝામીન)
પાછળ જવું. To follow. (ટુ ફૉલો)
મેહેરબાની કરવી. To favour. (ટુ ફેવર)
ઉતાવળ. Haste, Hurry. (હૅસ્ત, હરી)
અધીરા. Impatient. (ઇમ્પેશન્ટ)
ગાલીચાનો કોથલો. Carpet bag. (કારપૅટ બૅગ)

સાહેબજી; હું તમારી આગબોટમાં એડન જવા માંગું છું. Good morning; I wish to go to Aden by your steamer. (ગુડ મૉર્નીંગ; આઇ ઉવીશ ટુ ગો ટુ એદન બાઇ યૉર સ્તીમર)

ઘણું સારૂં; બેસો. Very good; take your seat. (વૅરી ગુડ; ટેક યૉર સીટ)

પેહેલા વર્ગની ઓરડીનું શું ભાડું છે? What is the fare for a first-class cabin? (ઉવૉટ ઇઝ ધી ફૅર ફૉર એ ફર્સ્ટ-કલાસ કૅબીન?)

ખાધા સાથે દોઢશો રૂપીયા. One hundred and fifty rupees including boarding. (વન હન્ડ્રેદ ઍન્ડ ફિફ્ટી રૂપીઝ ઇન્કલુડીંગ બોર્ડીંગ)

બીજી ઓરડીઓનું શું ભાડું છે? What is the fare for the other cabins? (ઉવૉટ ઇઝ ધી ફૅર ફૉર ધી અધર કૅબીન્સ?)

ખાધા વગર પચાશ રૂપીયા. Fifty rupees without boarding. (ફિફ્તી રૂપીઝ ઉવીધાઉટ બોર્ડીંગ)

એદનની આગબોટ ક્યારે ઉપડે છે? When does the steamer for Aden start? (ઉહ્‌ૅન ડઝ ધી સ્તીમર ફૉર એદન સ્તાર્ત?)

કાલે સવારનાં દશ વાગતે. To-morrow morning at ten o'clock. (ટુ-મૉરો મૉર્નીંગ ઍટ ટૅન ઓ'ક્લૉક)

તેમાં ઘણા દેશી ઉતારૂઓ છે કે? Are there many native passengers? (આર ધેર મૅની નેટીવ પૅસૅન્જર્સ?)

નહીં, ઘણા નહીં. No, not many. (નો, નૉટ મૅની)

મને બે બીજા વર્ગની ટીકીટ આપો. Give me two second-class tickets. (ગીવ મી ટૂ સૅકન્ડ-કલાસ ટીકેટસ)

આ આગબોટ કરાંચીમાં ઉભી રેહેશે કે? Will this steamer touch at Karrachi? (ઉવીલ ધિસ સ્તીમર ટચ ઍટ કરાંચી?)

નહીં, સાહેબ. No, sir. (નો, સર)

વહાંણ ઉપર કેટલે વાગતે જવું જોઇએ? At what time is it necessary to be on board? (ઍટ ઉવૉટ ટાઇમ ઇઝ ઈટ નૅસૅસરી ટુ બી ઑન બોર્ડ)

નવ વાગતે. At nine o'clock. (ઍટ નાઇન ઓ'ક્લૉક)

તમારી પેટીમાં બીજાં કાંઈ કપડાંઓ મુકવાનાં નથી કે? Have you not to put any more clothes in your trunk? (હૅવ યુ નૉટ ટુ પુટ ઍની મૉર ક્લોધ્સ ઇન યૉર ટ્રંક?)

નહીં, મારે કાંઇ મુકવાનાં નથી; બંધ કરો. No, I shall not put in any; lock it up. (નો, આઈ શૅલ નૉટ પુટ ઈન ઍની; લૉક ઇટ અપ);

આપણે ગોદીમાં કેવી રીતે જઇશું? How shall we get to the Docks? (હાઉ શૅલ ઉવી ગૅટ ટુ ધી ડૉક્સ?)

ચાલો આપણે તરામમાં અથવા ગાડીમાં જઇએ. Let us go by tram or in a carriage. (લૅટ અસ ગો બાઈ ત્રામ ઑર ઇન એ કૅરેજ)

ગોદીમાં જવાનું ગાડી ભાડું શું છે? What is the carriage fare to the Docks? (ઉૅાટ ઇઝ ધી કૅરેજ ફૅર ટુ ધી ડૉક્સ)

હું ધારું છું કે દોઢ રૂપીઓ છે. I think, it is one rupee eight annas. (આઇ થીંક ઈટ ઇઝ વન રૂપી એઇટ ઍનાઝ)

તમે મારો કોઠલો નીચે લાવ્યા કે? Have you brought down my portmanteau? (હૅવ યુ બ્રૉટ ડાઉન માઈ પૉર્ટમૅન્ટો?)

હા, સાહેબ, તે ત્યાં છે. Yes sir, there it is. (યસ, સર, ધેર ઇટ ઇઝ.)

તે હું ગાડીમાં મુકું કે? Shall I put it in the carriage? (શૅલ આઈ પુટ ઇટ ઇન ધી કૅરેજ?)

હા, સાહેબજી; મારી સારી પરોણાગત કરવા માટે હું તમારો ઉપકાર માનું છું. Yes, good day; I thank you for the good treatment you have given me. (યસ, ગુડ ડે; આઇ થૅન્ક યુ ફૉર ધી ગુડ ત્રીટમૅન્ટ યુ હૅવ ગીવન મી.)

હું ધારું છું કે આપણી સફરમાં મજા મળશે. I think we shall have a pleasant voyage. (આઇ થીન્ક ઉવી શૅલ હૅવ એ પ્લૅઝન્ટ વૉએજ)

હા, દરીઓ હાલ વધારે શાંત છે. Yes, the sea is calmer now. (યસ ધી સી ઇઝ કામર નાઉ)

આપણે હઇયાં આખી રાત થોભીએ કે કીનારે જઇએ? Shall we remain here all night, or go to the shore? (શૅલ ઉવી રીમેન હીઅર ઑલ નાઈટ ઑર ગો ટુ ધી શૉર?)

આપણે થાકી ગયા છીએ તેથી રાતનાં આપણે હીયાંજ રોભશું. We are tired, so we shall remain here to-night. (ઉવી આર તાયર્ડ, સો ઉવી શૅલ રિમેન હીઅર ટુ-નાઇટ)

હવે આપણને જગાત આફીસમાં જવું જોઇશે. Now we must go to the custom-house. (નાઉ ઉવી મસ્ટ ગો ટુ ધી કસ્તમ હાઉસ)

હા, આપણો શામાન તપાસશે. Yes, our luggage will be examined. (યસ, અવર લગેજ ઉવીલ બી ઍકઝાગીન્ડ)

જગાત આફીસ કયાં છે ? Where is the custom-house ? (હ્વ્હૅર ઇઝ ધી કસ્તમ-હાઉસ ?)

જો તમારી મરજી હોય તો મારી પાછલ આવો. Follow me, if you please. (ફૅાલો મી, ઇફ યુ પ્લીઝ.)

જો તમારી મરજી હોય તો હમારો સામાન તપાસો. You may examine our luggage, if you please. (યુ મે ઍકઝામીન અવર લગેજ, ઈફ યુ પ્લીઝ)

હા, તમારી પેટી અને કોઠલો મેહરબાંની કરીને ઉઘાડો. Yes, please open your trunk and portmanteau. (યસ, પ્લીઝ ઓપન યૉર ટ્રંક ઍન્ડ પૉર્ટમૅન્ટો.)

તમારી કુચીઓ મને આપવાની મેહેરબાંની કરો. Favour me with your keys. (ફેવર મી ઉવીથ યૉર કીઝ)

સંભાળજો કાંઇ ખરાબ નહીં થાય. Take care not to spoil anything. (ટેક કૅર નૅાટ ટુ સ્પૉઇલ ઍનીથીંગ.)

મેહેરબાંની કરી ઉતાવળ કરો; હું ઘણી ઉતાવળમાં છેઉં. Pray, make haste; I am in a great hurry. (પ્રે, મેક હેસ્ત, આઇ ઍમ ઇન એ ગ્રેટ હરી.)

તમે એટલા અધીરા ના થાવો હું જલદી પુરૂં કરી રહીશ. Don't be so impatient, I shall do it soon. (ડોન્ટ બી સો ઈમ્પેશન્ટ, આઇ શૅલ ડુ ઇટ સૂન.)

મેહેરબાંની કરીને મારા ગાલીચાના કોથળાની સંભાળ લેઓ. Please take care of my carpet bag. (પ્લીઝ ટેક કૅર ઑફ માઇ કારપૅટ બૅગ.)

ગ્રહસ્થો તમારો સામાન પસાર થયો છે તે લઈ જાઓ. Gentlemen, your luggage has been examined, you may take it away. (જૅન્ટલમૅન. યૉર લગેજ હૅઝ બીન ઍકઝામીન્ડ, યુ મે ટેક ઇટ અવે.)

માંફ કરજો ; સાહેબજી. (સવારે) Thank you; Good morning (થેન્ક યુ ; ગુડ મૉર્નીંગ ?)

આ ઉનાળામાં તમારો કયાં જવાનો વીચાર છે ? Where do you intend to go this summer ? (ઉવ્હૅર ડુ યુ ઈન્ટૅન્ડ ટુ ગો ધિસ સમર ?)

હું માથેરાંન જવાનો વીચાર રાખું છું. I intend to go to Matheran. (આઈ ઈન્ટૅન્ડ ટુ ગો ટુ માથેરાન)

રેલવેને માર્ગે મુસાફરી કરવાને લગતા વાકયો.

ઉનાળો. Summer. (સમર)
તોલવુ. To weigh. (ટુ ઉવે)
બ્રેક(ગાર્ડનો ડબો.) Break, (બ્રેક)
નીશાની. Signal. (સિગ્નલ)
ઉપડવાની. Departure. (દિપાર્ચર)
અંદર જાઓ. Step in (સ્ટૅપ ઇન)
બારી. Window, (ઉવીન્ડો)
મુસાફરી કરવી. To travel. (ટુ ટ્રૅવૅલ)
પગે. On foot. (ઑન ફૂટ)
ચશ્મો. Spectacles (સ્પૅકટેકલ્સ)
આવી પોહોચવું. To arrive. (ટુ ઍરાઈવ)
ઉપડવું. To set off. (ટુ સૅટ ઑફ)
દુર. Distant. (દિસ્તન્ટ.)
બુગદો. Tunnel. (ટનલ)
પુલ. Bridge. (બ્રિજ)
દેખાવ. Landscape. (લૅન્ડસ્કેપ)
વખત પત્રક. Time-table. (ટાઇમ-ટેબલ)

ઉતરવું. To get out. (ટુ ગૅટ આઉટ)
ખાવા પીવાનો ઓરડો. Refreshment room. (રીફ્રિશમૅન્ટ રૂમ)
વર્તમાનપત્ર. Newspaper. (ન્યુસ્પેપર)
હેલકરી. Porter. (પોર્ટર)
મુસાફરી. Journey. (જર્ની) (જમીન માર્ગે)
ઉતારો લેવો. To lodge. (ટુ લૉડ્જ)
હોટેલ; વીશી. Hotel (હોટેલ)
આરામ, આરામએશ. Rest. (રૅસ્ત)

મારા વહાલા દોસ્ત, જો તમે તૈયાર હોવો તો હવે નીકળવાનો વખત થયો છે. My dear freind, if you are ready, it is time to set out. (માઇ ડીઅર ફ્રૅન્ડ, ઈફ યુ આર રૅડી, ઇટ ઈઝ ટાઇમ ટુ સૅટ આઉટ)

આગગાડી કેટલે વાગતે ઉપડે છે? At what o'clock does the train start? (ઍટ હ્વૉટ ઓ'ક્લૉક ડઝ ધી ટ્રેન સ્ટાર્ટ?)

તે આઠ વાગતે ઉપડે છે; અને આપણને સ્તેશનપર જતાં અરધો કલાક લાગશે. It starts at eight o'clock, and it will take us half an hour to go to the station. (ઇટ સ્ટાર્ટ્સ ઍટ એઈટ ઓક્લૉક ઍન્ડ ઇટ હ્વીલ ટેક અસ હાફ ઍન અવર ટુ ગો ટુ ધી સ્તેશન)

હું તૈયાર છું, હવે આપણે નીચે જઇએ. I am ready, let us go down-stairs now. (આઇ ઍમ રૅડી, લૅટ અસ ગો ડાઉન-સ્ટેર્સ નાઉ)

એક ગાડી મંગાવો. Send for a carriage. (સૅન્ડ ફૉર એ કૅરેજ)

ગાડી દરવાજા આગળ છે. The carriage is at the door. (ધી કૅરેજ ઇઝ ઍટ ધી ડૉર)

તમે કંઇ ચીજ ભુલ્યા તો નથી? Have you not forgotten anything? (હૅવ યુ નૉટ ફરગૉટન ઍનીથીંગ)

નહીં, કાંઈ નહીં. No, nothing. (નો, નથીંગ)

મારી લાકડી કયાં છે ? Where is my stick? (ઉહ્‌ર ઈઝ માઇ સ્ટિક ?)

અહિયાં કોથલા સાથે તમારી લાકડી છે. Here is your stick with the bag. (હીઅર ઇઝ યૉર સ્ટિક ઉવીથ ધી બૅગ.)

હું તમારો સામાન સ્ટેશનપર મુકી આવું ? Can I leave your luggage at the station ? (કૅન આઇ લીવ યૉર લગેજ ઍટ ધી સ્ટેશન ?)

નહીં, મારો સામાન ગાડીમાં મુકવાની મેહેરબાની કરો. No, oblige me by putting my luggage in the carriage. (નો, ઓબ્લાઈજ મી બાઇ પુટીંગ માઈ લગેજ ઇન ધી કૅરેજ)

જાઓ અને આપણી ટીકીટ લેવો. Go and buy our tickets. (ગો ઍન્ડ બાઇ અવર ટીકૅટસ)

હું બે બીજાં વર્ગની ટીકીટ લેઉં કે ? May I take two second class tickets ? (મે આઇ ટેક ટુ સૅકન્ડ કલાસ ટીકૅટસ ?)

મુંબઇથી પુનાનું બીજા વર્ગનું ભાડું શું છે ? What is the Railway fare for the second class from Bombay to Poona ? (ઉવૉટ ઇઝ ધી રેલ્વે ફૅર ફૉર ધી સૅકન્ડ કલાસ ફ્રૉમ બૉમ્બે ટુ પુના ?)

મુંબઇથી પુનાનું બીજા વર્ગનું ત્રણ રૂપીયા ને બાર આના છે. The Railway fare for the second class from Bombay to Poona is three rupees and twelve annas. (ધી રેલ્વે ફૅર ફૉર ધી સૅકન્ડ કલાસ ફ્રૉમ બૉમ્બે ટુ પુના ઇઝ થ્રી રૂપીઝ ઍન્ડ ટુવૅલ્વ ઍનાઝ)

સાહેબો, તમારી સાથે શું સામાન છે ? What luggage have you gentlemen ? (ઉવૉટ લગેજ હૅવ યુ જૅન્ટલમૅન ?)

આ અમારો સામન છે. This is our luggage. (ધિસ ઈઝ અવર લગેજ)

તમારે સામાન તોલવો અને નીશાન કરવો જોઇએ. You will weigh our luggage and mark it. (યુ ઉવીલ ઉવે અવર લગેજ ઍન્ડ માર્ક ઈટ)

વારૂં, સાહેબ. Very good sir. (વૅરી ગુડ, સર)

મારા સામાનની ટીકીટ મને કયાંથી મળશે ? Where can I get a ticket for my luggage ? (ઉન્હૅર કૅન આઈ ગૅટ એ ટીકૅટ ફૅાર માઈ લગેજ ?)

આ તમારા સામાન સારૂ ટીકેટ છે. Here is a ticket for your luggage, (હીઅર ઈઝ એ ટીકૅટ ફૅાર યૅાર લગેજ)

ગ્રહસ્થો, તમારી જગા લેઓ, ઘંટ વાગ્યો છે. Take your seats, gentlemen, the bell has rung. (ટેક યૅાર સીટસ, જૅન્ટલમૅન, ધી બૅલ હૅઝ રંગ)

શું આ બીજા વર્ગની ગાડી છે ? Is this a second-class carriage ? (ઈઝ ધિસ એ સૅકન્ડ-કલાસ કૅરેજ ?)

નહીં, એ પેહલા વર્ગની છે. No, it is a first-class one, (નો ઇટ ઇઝ એ ફર્સ્ટ-કલાસ વન)

મેહરબાની કરી મને તે દેખાડો. Kindly show it to me. (કાંઇન્ડલી શો ઇટ ટુ મી)

આવો; બીજા વર્ગની ગાડી ત્યાં છે. Come; there is a second-class carriage. (કમ, ધૅર ઇઝ એ સૅકન્ડ-કલાસ કૅરેજ)

તમે મારો સામન કયાં મુકયો છે ? Where have you put my luggage ? (ઉન્હૅર હૅવ યુ પુટ માઈ લગેજ ?)

તમારો સામન બ્રેકમાં છે. Your luggage is in the brake. (યૅાર લગેજ ઇઝ ઇન ધી બ્રેક)

ઉપડવાની નીશાંની થઇ છે; ઝડપથી અંદર ચાલો. There is the signal for departure step in quickly. (ધૅર ઇઝ ધી સિગનલ ફૅાર ડીપાર્ચેર; સ્તેપ ઇન કવીકલી.)

તમે બારીની છેક આગલ બેસશો ? Will you sit next to the window ? (ઉવીલ યુ સિટ નૅક્સટ ટુ ધી ઉવીન્ડો ?)

હા, તમે મને બારી બંધ કરવાને રજા આપશો ? Yes, will you permit me to close the window ? (યસ, ઉવીલ યુ પરમીટ મી ટુ કલોઝ ધી ઉવીન્ડો ?)

તમે કયાં કયાં ગામો જોયાં છે, સાહેબ ? What places have you seen, sir ? (ઉવૅાટ પ્લેસીઝ હૅવ યુ સીન, સર ?)

મેં સુરત, ભરૂચ, અમદાવાદ, અને બરોડા જોયું છે. I have seen Surat, Broach, Ahmedabad and Baroda. (આઈ હૅવ સીન સુરત, બ્રોચ, અહમેદાબાદ ઍન્ડ બરોડા.)

તમે એકલા મુસાફરી કરોછો કે ? Do you travel alone ? (ડુ યુ ત્રૅવલ અલોન ?)

નહીં, બાઇ હું મારા નોકરો સાથે મુસાફરી કરૂં છું. No, madam, I travel with my servants. (નો, મૅડમ, આઈ ત્રાવૅલ ઉવીથ માઇ સરવન્ટસ)

તમે ગાડીમાં મુશાફરી કરો છો કે પગે ? Do you travel on foot or in a carriage ? (ડુ યુ ત્રૅવૅલ ઑાન ફુટ ઑાર ઈન એ કૅરેજ ?

કોઇ વખતે અમે ગાડીમાં મુસાફરી કરીએ છીએ અને કોઇ વખતે પગે. Sometimes we travel in a carriage, and sometimes on foot. (સમટાઇમ્સ ઉવી ત્રૅવૅલ ઈન એ કૅરેજ ઍન્ડ સમટાઇમિસ ઑાન ફુટ)

તમે તે ધંધાથી કાંઈ મેલવો છો કે ? Do you gain anything by that business ? (ડુ યુ ગેન ઍનીથીંગ બાઇ ધૅટ બિઝનૅસ ?)

હું કાંઈ ઘણું મેલવતો નથી, પણ તે ઠીક છે. I do not gain much, but it is good. (આઇ ડુ નૅાટ ગેન મચ, બટ ઇટ ઈઝ ગુડ)

તમે કેટલા પૈસા મેળવ્યા? How much money have you gained? (હાઉ મચ મની હૅવ યુ ગેન્ડ?)

મેં થોડા મેળવ્યા પણ મારા બાપે તેથી ઘણા મેળવ્યા છે. I have gained only a little, but my father has gained much by it. (આઇ હૅવ ગેન્ડ ઓન્લી એ લીટલ, બટ માઇ ફાધર હૅઝ ગેન્ડ મચ બાઇ ઇટ)

પેલાં બારણાં ઉપર શું લખ્યું છે તે તમે વાંચી શકો છો? Can you read what is written on that door? (કૅન યુ રીડ ઉવૉટ ઇઝ રીટન ઑન ધૅટ ડૉર?)

નહીં, સાહેબ, તે ઘણું દુર છે, અને મારી પાસે મારો ચશમો નથી. No, sir, it is too far, and I have not my spectacles. (નો, સર, ઇટ ઇઝ ટૂ ફાર ઍન્ડ આઈ હૅવ નૉટ માઇ સ્પૅક્ટેકલ્સ)

શું તે સ્ટેશન આગળ આગગાડી ઉભી રહે છે? Does the train stop at that station? (ડઝ ધી ટ્રેન સ્ટૉપ ઍટ ધૅટ સ્તેશન?)

હું તેમ ધારતો નથી. I don't think so. (આઈ ડોન્ટ થીન્ક સો)

આપણે પેહલાં સ્તેશનપર આવી પોંહોંચ્યા છીએ. We have arrived at the first station. (ઉવી હૅવ ઍરાઇવ્ડ ઍટ ધી ફર્સ્ટ સ્ટેશન)

હા, આપણે ફરીથી ઉપડીએ છીએ. Yes, we are setting off again. (યસ, ઉવી આર સૅટીંગ ઑફ અગેન)

અહિંથી બીજું સ્ટેશન કેટલું દુર છે? How far is the next station from here? (હાઉ ફાર ઇઝ ધી નૅક્સ્ટ સ્ટેશન ફ્રૉમ હીયર?)

તે દશ માઇલથી વધારે નથી. It is not more than ten miles distant. (ઇટ ઈઝ નૉટ મૉર ધૅન ટૅન માઇલ્સ ડીસ્ટન્ટ)

આપણે બુગદામાં દાખલ થઇએ છીએ. We are entering a tunnel. (ઉવી આર ઍન્ટરીંગ એ ટનલ)

હું બુગદામાંથી જવાનું પસંદ કરતો નથી. I don't like going through the tunnels. (આઇ ડોન્ટ લાઈક ગોઇંગ થ્રુ ધી ટનલ્સ)

આએ બુગદો કાંઈ ઘણો લાંબો નથી, આપણે તેમાંથી જલદી બાહેર નીકળશું. (This tunnel is not very long, we shall soon be out of it. (ધિસ ટનલ ઇઝ નૉટ વૅરી લૉંગ, ઉવી શૅલ સુન બી આઉટ ઑફ ઈટ)

કેવું અંધારૂં! What darkness! (ઉવૅાટ ડાર્કનૅસ!)

હવે આપણે પુલપરથી પસાર થઇએ છીએ. Now we are passing over a bridge. (નાઉ ઉવી આર પાસીંગ ઓવર એ બ્રિજ)

હા, કેવો સરસ દેખાવ! Yes, what a fine landscape! (યસ, ઉવૅાટ એ ફાઇન લૅન્ડસ્કેપ ?)

મને આગગાડીના વખતનું પત્રક દેખાડશો ? Will you show me a railway time-table ? (ઉવીલ યુ શો મી એ રેલ્વે ટાઇમ ટેબલ ?)

હા, આ લેવો. Yes, take this. (યસ, ટેક ધિસ)

આએ સ્ટેશનનું નામ શું ? What is the name of this station ? (ઉવૅાટ ઇઝ ધી નેમ ઑફ ધિસ સ્ટેશન ?)

કરજત. Karjat. (કરજત.)

આપણે આ સ્ટેશનપર ઘણોવાર ખોટી થઇશું ? Shall we stop long at this station ? (શૅલ ઉવી સ્ટૅાપ લૅાંગ ઍટ ધિસ સ્ટેશન ?)

હા આગગાડી હીયાં દશ મીનીટ ખોટી રહે છે. Yes, the train stops here ten minutes. (યસ, ધી ટ્રેન સ્ટૅાપ્સ હીઅર ટૅન મીનીટ્સ)

આપણે ઉતરીએ કે ? Shall we get out ? (શૅલ ઉવી ગૅટ આઉટ ?)

હા, ચાલો આપણે ખાવા પીવાનાં ઓરડામાં જઇએ. Yes, let us go into the refreshment-room. (યસ, લૅટ અસ ગો ઇન્ટુ ધી રિફ્રૅશમૅન્ટ રૂમ)

હું એક કાફીનું કપ ને બીસ્કીત લઇશ. I will take a cup of coffee and biscuits. (આઇ ઉવીલ ટેક એ કપ ઑફ કૉફી ઍન્ડ બિસ્કીટસ)

હું એક ગલાશ બ્રાંન્ડી લઈશ. I will take a glass of brandy. (આઇ ઉવીલ ટેક એ ગ્લાશ ઑફ બ્રાંન્ડી)

શું વર્તમાનપત્રો સ્તેશનપર વેચાય છે ? Are newspapers sold at the station ? (આર ન્યુસ્પેપરસ સોલ્ડ ઍટ ધી સ્ટેશન ?)

હા, તમને જોઇએ છે ? Yes,do you want one ? (યસ, ડુ યુ ઉવૉન્ટ વન ?)

જબલપોર જવાની બીજી ગાડી અહિં ક્યારે આવશે ? At what time does the next train for *Jubalpore* arrive here ? (ઍટ ઉવૉટ ટાઇમ ડઝ ધી નૅક્સ્ટ ટ્રેન ફૉર જબલપોર ઍરાઇવ હીઅર ?)

તે અહીં એક કલાકમાં આવશે. It will be here in an hour. (ઇટ ઉવીલ બી હીઅર ઇન ઍન અવર)

અમને હેલકરી જોઈએ છે. We want a porter. (ઉવી ઉવૅાન્ટ એ પોર્ટર)

ત્યાં એક છે તેને બોલાવો. There is one, call him. (ધેર ઇઝ વન, કૉલ હીમ)

કોચમેન, આ્મે તારૂં ભાડું છે. Here is your fare coachman. (હીઅર ઈઝ યૉર ફૅર કોચમૅન)

ઉપકાર માનું છું, સાહેબ; હું તમને ખુશી ભરેલી મુસાફરી ચાહું છું. Thank you, sir; I wish you a pleasant journey. (થૅન્ક યુ, સર; આઈ ઉવીશ યુ એ પ્લૅઝન્ટ જર્ની)

આજે રાતનાં આંપણે કયાં ઉતારો કરીએ ? Where shall we lodge to-night ? (ઉવ્હૅર શૅલ ઉવી લૅાડજ ટુ-નાઇટ ?)

ચાલો આપણે હોટેલમાં જઇએ. Let us go to a hotel. (લૅટ અસ ગો ટુ આ હોટૅલ)

મને આખી રાત આરામ મલ્યો નહીં I did not rest the whole night. (આઇ ડીડ નૉટ રૅસ્ટ ધી હૉલ નાઇટ)

ત્યારે તમે હમણાં આરામેશ લેવો. Then you take rest now. (ધૅન યુ ટેક રૅસ્ત નાઉ)

હોટેલમાં ઉતારાને લગતા વાકયો.

ભલામણ થવી. To be recommended. (ટુ બી રૅકમૅન્ડેડ)
ઉતારો લેવો. To lodge. (લૉજ)
સગવડ કરવી. To accommodate. (ટુ ઍકોમોડેટ)
ઓરડા. Apartments. (ઍપાર્ટમૅન્ટસ)
બસ થવું. To suffice. (ટુ સફાઇસ)
સણગારેલા. Furnished.(ફરનિશ્ડ)
સંતોષ પામવું. To be satisfied. (ટુ બી સૅટીસ્ફાઇડ)
જલદીથી. Immediately. (ઈમીજીએટલી)
તાજું Fresh. (ફ્રેશ)
તુરત. Directly. (દીરૅકટલી)
હમણાં. Instantly. (ઇન્સટન્ટલી)
મોકલવામાં આવશે. Will be served. (ઉવીલ બી સર્વેડ)
પુલ. Bridge. (બ્રિજ)
ઉઠાડવું. To call up. (ટુ કૉલ અપ); To awaken. (ટુ અઉવેકન)
ઠોકવું. To knock. (ટુ નૉક)
અલગો. Not locked (નૉટ લૉકડ)
ઉઠવું. To be up. (ટુ બી અપ)
" To get up. (ટુ ગૅટ અપ)
જાગવું. To wake. (ટુ ઉવેક)
ભુખ. Appetite. (ઍપીટાઇટ)
પકડવું. To catch. (ટુ કૅચ)
ઘણો. Plenty. (પ્લેન્ટી)
રેહેવું. To stay. (ટુ સ્ટે)
ખાવાનું તથા રેહેવાનું. Boarding and lodging. (બોર્ડીંગ ઍન્ડ, લૉજીંગ)
જણાવવું. To inform (ટુ ઈન્ફૉર્મ)
હમણાં. Presently. (પ્રૅઝન્ટલી)
ભાડે આપવું. To let. (ટુ લૅટ)

હજુરમાં રેહેવું. To wait on. (ટુ ઉવેટ ઑન)
ધ્યાન. Attention. (ઍટેનશન)
જરૂરનું. Necessary. (નૅસસરી)
જાગવું. To sit up. (ટુ સિટ અપ)
સળગાવવું. To light. (ટુ લાઈટ)
આવી ગયું. Called. (કૉલ્ડ)
ગેરહાજરી. Absence. (ઍબ્સન્સ)
ખાલી કરવું. To vacate. (ટુ વૅકેટ)

તમારા હોટલમાં ઉતારો લેવા સારૂ અમને ભલામણ થયલી છે; આજની રાત અમારે સારૂ સગવડ થઇ શકશે ? We have been recommended to lodge at your hotel; can you accommodate us for this night ? (ઉવી હૅવ બીન રૅકમૅન્ડેડ ટુ લૉજ ઍટ યૉર હોટૅલ; કૅન યુ ઍકૉમોડેટ અસ ફૉર ધિસ નાઇટ ?)

હા, સાહેબ, તમને સારૂં બીછાનું તથા સુંદર ઓરડો મલશે. Yes, sir, you will find here good beds and fine rooms. (યસ, સર, યુ ઉવીલ ફાઈન્ડ હીઅર ગુડ બૅડસ ઍન્ડ ફાઇન રૂમ્સ)

તમને કયા ઓરડા લેવા ગમે છે ? Which apartments do you wish to have ? (ઉવીચ ઍપાર્ટમૅન્ટસ ડુ યુ ઉવીશ ટુ હૅવ ?)

એક સુવાનો ઓરડો અને એક બેસવાનો બસ થશે. A bed room and a sitting room will suffice. (એ બૅડ રૂમ ઍન્ડ એ સિટીંગ રૂમ ઉવીલ સફાઈસ)

તમારા ઓરડા સારી રીતે સણગારેલા છે કે ? Are your rooms well furnished ? (આર યૉર રૂમ્સ ઉવૅલ ફરનીશ્ડ ?)

હા, સાહેબ મારી ખાત્રી છે, કે તમે સંતોશ પાંમશો ? Yes, sir, I am sure you will be satisfied. (યસ, સર, આઇ ઍમ શ્યૉર યુ ઉવીલ બી સૅટીસ્ફાઈડ)

મેહેરબાંની કરીને અમારો સામાન ઉપર મોકલો. Please send our luggage upstairs. (પ્લીઝ સૅન્ડ અવર લગેજ અપસ્ટૅર્સ)

હા, હું તે જલદીથી ઉપર લાવીશ, Yes, I will bring them up immediately. (યસ, આઇ ઉવીલ બ્રીંગ ધેમ અપ ઇમીજીએટલી)

અમારે સારૂ થોડા ટુવાલ ને તાજું પાણી મોકલો. Send us some towels and some fresh water. (સૅન્ડ અસ સમ ટૉવૅલ્સ ઍન્ડ સમ ફ્રૅશ ઉવૉટર)

હું તરત ચાકરને ઉપર મોકલીશ. I shall send the servant up directly. (આઇ શૅલ સૅન્ડ ધી સરવન્ટ અપ ડિરૅક્ટલી)

ગ્રહસ્થો, તમોએ ઘંટ વગાડયો ? Did you ring the bell gentlemen ? (ડીડ યુ રીંગ ધી બેલ જૅન્ટલમૅન ?)

હા, આએ કાગલો ટપાલ આફીશમાં મોકલો. Yes, send these letters to the post-office. (યસ, સૅન્ડ ધીઝ લૅટર્સ ટુ ધી પોસ્ત-ઑફીસ)

ટપાલ આફીશ નજદીક છે કે ? Is the post-office near ? (ઇઝ ધી પોસ્ત ઑફીસ નીઅર ?)

હા, તે આગગાડીનાં સ્ટેશન પાસે છે. Yes, it is near the railway station. (યસ, ઇટ ઇઝ નીઅર ધી રેલવે સ્ટેશન)

હમણાં તમે કાંઇ લેવા માંગો છો ? Do you wish to take anything now ? (ડુ યુ ઉવીશ ટુ ટેક ઍનીથીંગ નાઉ ?)

હા, અમને ચા અને બીસકીત આપો. Yes, give us some tea and biscuits. (યસ, ગીવ અસ સમ ટી ઍન્ડ બીસ્કીટસ)

તે હમણાં તમને મોકલવામાં આવશે. You shall be served instantly. (યુ શૅલ બી સર્વડ ઈન્સ્ટન્ટલી)

જલદી કરો. Make haste. (મેક હેસ્ટ)

તમારી પાસે ઇંગ્રેજી છાપો છે ? Have you any English newspaper ? (હૅવ યુ ઍની ઇંગ્લિશ ન્યુસ્પેપર ?)

હા, સાહેબ, અહીં ગઈ કાલનું ટાઇમસ છે. Yes, sir, here is yesterday's Times. (યસ, સર, હીઅર ઇઝ યસ્ટરડેઝ ટાઈમ્સ)

આગગાડીનું સ્ટેશન ક્યાં છે ? Where is the railway station ? (ઉવ્હૅર ઈઝ ધી રેલ્વે સ્ટેશન ?)

તે પુલની બીજી બાજુએ છે. It is on the other side of the bridge. (ઈટ ઇઝ ઑન ધી અધર સાઇડ ઑફ ધી બ્રિજ)

આઠ વાગતે આગગાડી ઉપડે છે, નહીં કે ? The train starts at eight o'clock, does it not ? (ધી ટ્રેન સ્ટાર્ટસ ઍટ એઇટ, ઓ'કલૉક, ડઝ ઈટ નૉટ ?)

હા, સાહેબ, તમને નાસ્તો કેટલે વાગતે જોઈશે ? Yes, sir, at what time do you wish to have break-fast ? (યસ, સર ઍટ ઉવૉટ ટાઇમ ડુ યુ ઉવીશ ટુ હૅવ બ્રેકફાસ્ટ ?)

પોણાસાત વાગે, તેથી અમને ૭ વાગે ઉઠાડજો. At a quarter to seven, so call us up at six o'clock. (ઍટ એ કવાર્ટર ટુ સૅવન, સો કૉલ અસ અપ ઍટ સિક્સ ઓ'કલૉક)

હું આવીને તમને જાગરૂત કરવાની સંભાલ રાખીશ. I shall take care to come and awake you. (આઇ શૅલ ટેક કૅર ટુ કમ ઍન્ડ અઉવેક યુ)

દરવાજો કોણ ઠોકે છે ? ઉઘાડો; તે અસગો છે. Who knocks ? open the door; it is not locked. (હુ નૉકસ ? ઓપન ધી ડૉર; ઇટ ઇઝ નૉટ લૉકડ)

સાહેબ, ઉઠવાનો વખત થયો છે. Sir it is time to get up. (સર, ઇટ ઇઝ ટાઈમ ટુ ગૅટ અપ)

શું મારો દોસ્તાર મીસ્તર એ. ઉઠયો છે કે ? Is my friend, Mr. A. up already ? (ઇઝ માઇ ફ્રૅન્ડ મીસ્તર એ. અપ ઑલરૅડી ?)

હા, સાહેબ, તે તમારે સારૂ ખોટી છે. Yes, sir, he is waiting for you. (યસ, સર, હી ઈઝ ઉવેટીંગ ફૉર યુ)

તેને કહો કે હું દશ મીનીટની અંદર નીચે આવું છું. Tell him I shall come down within ten minutes. (ટેલ હીમ આઇ શૅલ કમ ડાઉન ઉવીધીન ટેન મીનીટસ)

મીસ્તર. એ. હું તમને સારી સહવાર ચાહું છું. Mr. A. I wish you a good morning. (મીસ્તર. એ. આઈ ઉવીશ યુ એ ગુડ મૉર્નીંગ)

સાહેબ મેહરબાંન, આજે રાતનાં તમને ઉંઘ કેવી આવી ? Good morning, how did you sleep last night ? (ગુડ મૉર્નીંગ, હાઉ ડીડ યુ સ્લીપ લાસ્ટ નાઇટ ?)

ઘણી સારી ; હું આખી રાતમાં કદી જાગયો નથી. Very well ; I never woke up all night. (વૅરી ઉવૅલ; આઈ નૅવર ઉવૉક અપ ઑલ નાઇટ)

નાસ્તો લીધાની અગાઉ જરા ફરવા નહીં આવશો ? Won't you take a short walk before breakfast ? (ઉવૉન્ટ યુ ટેક એ શૉર્ટ ઉવૉક બિફોર બ્રૅક-ફાસ્ટ ?)

મોટી ખુશીથી, આપણુને ચાલવાથી ભુખ લાગશે. Very willingly, the walk will give us an appetite. (વૅરી ઉવીલીંગ્લી, ધી ઉવૉક ઉવીલ ગીવ અસ ઍન ઍપીટાઇટ)

આંઠની ગાડી આપણાથી પકડી શકાશે કે ? Can we catch the eight o'clock train ? (કૅન ઉવી કેચ ધી એઈટ ઓ'કલૉકટ્રેન ?)

હા, શું કાંમ નહીં; ઘણો વખત છે. Yes, why not, it is plenty of time. (યસ, ઉવાહૅ નૉટ, ઈટ ઇઝ પ્લૅન્ટી ઑફ ટાઇમ)

હું હીયાં એક મહીનો રેહવા માંગું છું. I wish to stay here a month. (આઇ ઉવીશ ટુ સ્ટે હીઅર એ મન્થ)

ઘણું સારૂં, સાહેબ. Very good, sir. (વૅરી ગુડ, સર.)

તમે મહીનાનું રેહવા ખાવાનું શું લેશો? How much will you charge for boarding and lodging per month? (હાઉ મચ ઉવીલ યુ ચાર્જ ફૉર બોર્ડીંગ ઍન્ડ લૉજીંગ પર મન્થ?)

હું તમને તે હમણાં જણાવું છું, સાહેબ. I will inform you of it presently, sir. (આઈ ઉવીલ ઇનફૉર્મ યુ ઑફ ઇટ પ્રૅઝન્ટલી, સર)

તમારી પાસે સણગારેલા ઓરડા ભાડે આપવાના છે? Have you furnished rooms to let? (હૅવ યુ ફરનીશ્ડ રૂમ્સ ટુ લૅટ?)

હા, સાહેબ; તમારી મરજી હોય તો અંદર આવો. Yes, sir; walk in if you please. (યસ, સર; ઉવૉક ઇન ઇફ યુ પ્લીઝ)

તમારી પાસે ત્રીજે માળે કાંઇ ઓરડા છે? Have you rooms on the third storey? (હૅવ યુ રૂમ્સ ઑન ધી થર્ડ સ્તોરી?)

હા, હું તે તમને દેખાડીશ. Yes, I will show them to you. (યસ, આઇ ઉવીલ શો ધેમ ટુ યુ)

એટલાજ પૈસામાં હું મારા પોતાનાં ઓરડામાં ખાઈ શકીશ? Can I dine in my own room at the same charge? (કૅન આઈ ડાઇન ઇન માઇ ઑન રૂમ ઍટ ધી સેમ ચાર્જ?)

નહીં, તેનું તમને જરા વધારે થશે. No, it will cost you a little more. (નો, ઇટ ઉવીલ કૉસ્ટ યુ એ લીટલ મૉર)

તમારો ચાકર મારી હજુરમાં રેહશે કે? Will your servant wait on me? (ઉવીલ યૉર સરવન્ટ ઉવેટ ઑન મી?)

હા, તમારાં દરેક કામપર ધ્યાંન આપવામાં આવશે. Yes, you shall have every attention paid to you. (યસ, યુ શૅલ હૅવ ઍવરી ઍટૅન્શન પેડ ટુ યુ)

આજે રાતના હું બાહેર જમીશ. I shall dine out to-day. (આઇ શૅલ દાઇન આઉટ ટુ-ડે)

જેમ તમારી મરજી, સાહેબ. Just as you please, sir. (જસ્ટ ઍઝ યુ પ્લીઝ, સર)

અંદર દાખલ થવાની કુચી મને આપશો ? Can I have the key to let myself in ? (કૅન આઈ હૅવ ધી કી ટુ લૅટ માઇ-સેલ્ફ ઇન ?)

તેમ કરવાની જરૂર નથી, અમે તમારે સારૂ જાગશું. It is not necessary, we shall sit up for you. (ઇટ ઈઝ નૅાટ નૅસૅસરી, ઉવી શૅલ સિટ અપ ફૅાર યુ)

તમે કેટલે વાગે પાછા આવશો ? At what time will you return ? (ઍટ ઉવૅાટ ટાઇમ ઈવીલ યુ રીટર્ન ?)

હું કહી નહીં શકતો કે હું કેટલે વાગે પાછો આવીશ. I cannot say at what time I shall return. (આઇ કૅનનૅાટ શે ઍટ ઉવૅાટ ટાઈમ આઈ શૅલ રીટર્ન)

મારા ઓરડામાં મને એક કોચ જોઇએ છે. I should like to have a sofa in my room. (આઈ શુડ લાઇક ટુ હૅવ એ સોફ઼ ઇન માઇ રૂમ)

હું તમને કાલે એક આપીશ. I will give you one to-morrow. (આઈ ઉવીલ ગીવ યુ વન ટુ-મૅારો)

મેહેરબાંની કરીને મારી બતી સલગાવો. Light my lamp, if you please. (લાઈટ માઇ લૅમ્પ, ઇફ઼ યુ પ્લીઝ)

હજી અંધારૂં થયું નથી. It is not yet dark. (ઇટ ઈઝ નૅાટ યટ ડાર્ક)

તેનો અહિયાં લાંબો વખત રહેવાનો વીચાર છે કે ? Does he intend to remain here long ? (ડઝ હી ઇન્ટૅન્ડ ટુ રીમેન હીઅર લૅાંગ ?)

હું એમ ધારૂં છું; મેં તેને પુછ્યું નથી. I think so; I have not asked him. (આઈ થીન્ક સો, આઈ હૅવ નૅાટ આસ્કડ હીમ)

તમે તેને પુછ્યું કેમ નહીં ? Why did you not ask him ? (ઉવાઇ ડીડ યુ નૅાટ આસ્ક હીમ ?)

મને કાંઇ કહ્યું હતું નહીં, તેથી મેં કાંઈ પુછ્યું નહીં. I was not told anything, and therefore I did not ask. (આઈ ઉવૉઝ નૉટ ટોલ્ડ ઍનીથીંગ, ઍન્ડ ધૅરફૅાર આઈ દીડ નૉટ આસ્ક)

મારે સારૂ કાંઇ કાગળો આવ્યાં છે ? Are there letters for me ? (આર ધૅર લૅટર્સ ફૉર મી ?)

હા, સાહેબ, તે આ રહયાં. Yes, sir, here they are. (યસ, સર, હીઅર ધે આર.)

મારી ગેરહાજરીમા કોઇ આવી ગયું ? Has any one called during my absence ? (હૅઝ ઍનીવન કૉલ્ડ ડયુરીંગ માઇ ઍબ્સન્સ ?)

હા, સાહેબ, તમારો દોસ્તદાર આવી ગયો. Yes, sir, your friend was here. (યસ, સર, યૉર ફ્રૅન્ડ ઉવૉઝ હીઅર)

તે મારે સારૂ ચીઠી આપી ગયો ? Did he leave a note for me ? (ડીડ હી લીવ એ નોટ ફૉર મી ?)

નહીં, તેણે કહ્યું કે કાલે હું ફરીથી આવીશ. No, he said he would call again to-morrow. (નો, હી સેડ હી ઉડ કૉલ અગેન ટુ-મૉરો.)

તે કેટલે વાગતે આવ્યો હતો ? At what time did he come ? (ઍટ ઉવૉટ ટાઈમ ડીડ હી કમ ?)

આશરે દશ વાગતે. At about ten o'clock. (ઍટ અબાઉટ ટૅન ઓ'કલૉક)

મને મારો અઠવાડિયાંનો આંકડો આપો. Let me have my weekly bill. (લૅટ મી હૅવ માઇ ઉવીકલી બિલ)

ઘણું સારૂં, સાહેબ; તે હું તમને સાંજના આપીશ. Very good, sir; I shall give it to you in the evening. (વૅરી ગુડ, સર; આઇ શૅલ ગીવ ઇટ ટુ યુ ઇન ધી ઈવીનીંગ.)

હું મારૂં હાલનું રેહવાનું એક અઠવાડિયામાં છોડવા માંગું છું. I wish to vacate my present apartments in a week. (આઇ ઉવીશ ટુ વૅકેટ માઇ પ્રૅઝન્ટ ઍપાર્ટમૅન્ટસ ઇન એ ઉવીક)

જેમ તમારી મરજી, સાહેબ. Just as you please, sir. (જસ્ટ ઍઝ યુ પ્લીઝ, સર)

પારકા મુલક વિષે વાતચીતને લગતા વાકયો.

ભાષા. Language. (લૅન્ગવેજ)
આસાની. Facility. (ફૅસિલીટી)
અભ્યાસ કરવો. To study. (ટુ સ્ટડી)
ઘણી. Several. (સૅવરલ)
ભપકાદાર. Magnificent. (મૅગ્નીફિસન્ટ)
મુલાકાત કરવી. To visit. (ટુ વિઝીટ)
ફરતો કીલ્લો. Fortified on all sides. (ફૉર્ટીફાઇડ ઑન ઑાલ સાઈડઝ)
વારંવાર. Often. (ઑાફ્ન)
શીકારે જવું. To go a hunting. (ટુ ગો એ હન્ટીંગ)
સંગત. Company. (કમ્પની)
પોહોંચવું To reach. (ટુ રીચ)

સાહેબ, તમે અંગ્રેજ છેઓ, નહીં કે ? Sir, you are an Englishman, are you not ? (સર, યુ આર ઍન ઈંગ્લિશમૅન, આર યુ નૉટ ?)

હા. Yes. (યસ)

તમે પેરીસમાં લાંબો વખત હતા કે ? Had you been long in *Paris* ? (હૅડ યુ બીન લૉંગ ઈન પૅરીસ ?)

ફક્ટ ત્રણ મહીના. Only three months. (ઓનલી થ્રિ મન્થસ)

તમે અમારી ભાષા ઘણી આસાનીથી બોલો છો. You speak our language with great facility. (યુ સ્પીક અવર લૅન્ગવેજ ઉવિથ ગ્રેટ ફૅસિલિટી)

મેં નિશાળમાં બે વરસ ફ્રેંન્ચનો અભ્યાસ કીધો હતો, પણ તે બધું હું ભુલી ગયો છું. I studied *French* for two years at school, but I have almost forgotten it. (આઇ સ્ટડિડ ફ્રૅન્ચ ફૉર ટૂ યયર્સ ઍટ સ્કૂલ બટ આઇ હૅવ ઑલમોસ્ટ ફૉરગોટન ઇટ)

તમે વીલાએત જઇ આવ્યા છો, નહીં ? You have been to England, have you not ? (યુ હૅવ બીન ટુ ઇંગ્લંડ, હૅવ યુ નૉટ ?)

હા, હું ઘણી વખત વીલાએત ગયો છું. Yes, I have been to England several times. (યસ, આઈ હૅવ બીન ટુ ઇંગ્લંડ સૅવરલ તાઇમ્સ)

તમે કદી સ્કોટલંડ ગયા છો કે? Have you ever been to *Scotland*? (હૅવ યુ ઍવર બીન ટુ સ્કૉટલૅન્ડ ?)

નહીં, પણ મને તે દેશ ઘણો જોવા ગમે છે. No, but I wish very much to see that country. (નો, બટ આઇ ઉવિશ વૅરી મચ ટુ સી ધૅટ કન્ટ્રી)

મારો એક દોસ્તદાર કે જેણે એડીનબરો જોયું છે તેણે મને કહયું કે તે ભપકાદાર શેહેર છે. A friend of mine who has seen Edinburgh told me that it is a magnificent town. (એ ફ્રૅન્ડ ઑફ માઈન હુ હૅઝ સીન ઍડીનબરો, ટોલ્ડ મી ધૅટ ઇટ ઇઝ આ મૅગ્નીફિશન્ટ ટાઉન)

તમારો દોસ્ત ખરો છે; યુરોપમાં સૌથી સરસ શેહેરોમાંનું એક, એડીનબરો છે. Your friend is right; Edinburgh is one of the finest town in *Europe*. (યૉર ફ્રૅન્ડ ઇઝ રાઇટ; ઍડીનબરો ઇઝ વન ઑફ ધી ફાઇનૅસ્ટ ટાઉન ઇન યુરોપ)

આ મારો કાર્ડ છે; જ્યારે તમે વીલાયતની મુલાકાત લેશો ત્યારે હું તમને મલવાને ખુશી થઈશ. Here is my card; I shall be glad to see you when you visit *England*. (હીયર ઈઝ માઇ કાર્ડ; આઇ શૅલ બી ગ્લૅડ ટુ સી યુ ઉવ્હૅન યુ વિઝીટ ઈંગ્લંડ)

તમે ઘણા માયાળુ છેઓ, સાહેબ; જ્યારે હું ત્યાં આવીશ ત્યારે તમારી મુલાકાત કરવામાં માન સમજીશ. You are very kind, sir; I shall do myself the honour of visiting you when I am there. (યુ આર વૅરી કાઇન્ડ, સર; આઇ શૅલ ડુ માઇસૅલ્ફ ધિ ઑનર ઑફ વિઝિટીંગ યુ ઉવ્હૅન આઇ ઍમ ધૅર)

આ શેહેરને ફરતો કીલ્લો છે, નહીં? This town is fortified on all sides, is it not? (ધિસ ટાઉન ઇઝ ફૉર્ટીફાઈડ ઑન ઑલ સાઇડઝ, ઇઝ ઇટ નૉટ?)

હા, તે છે. Yes, it is. (યસ, ઇટ ઇઝ)

જ્યારે હું લંડનમાં હતો ત્યારે તમારો કાકોબી ત્યાં હતો? Was your uncle also in London when I was there? (ઉવૉઝ યૉર અંન્કલ ઑલ્સો ઇન લંડન ઉવ્હૅન આઇ ઉવૉઝ ધૅર?)

જ્યારે તમે ત્યાં હતા ત્યારે તેબી ત્યાં હતો. He was there when you were there. (હી ઉવૉઝ ધૅર ઉવ્હૅન યુ ઉવર ધૅર)

જ્યારે તમે વીએનામાં હતા ત્યારે તમારા બાવા ક્યાં હતા? Where was your father when you were in *Vienna*? (ઉવ્હૅર ઉવૉઝ યૉર ફાધર ઉવ્હૅન યુ ઉવર ઇન વિએના?)

તેવણ સ્પેનમાં હતા. He was in *Spain*. (હી ઉવૉઝ ઇન સ્પેન)

જ્યારે તમે તે શેહેરમાં રહ્યા ત્યારે શું કીધું? What did you do when you lived in that country? (ઉવૉટ ડિડ યુ ડુ ઉવ્હૅન યુ લીવ્ડ ઇન ધૅટ કન્ટ્રી?)

જ્યારે હું ત્યાં રહ્યો ત્યારે હું વારંવાર શીકાર કરવા જતો. When I lived there I often went a hunting. (ઉવ્હૅન આઇ લીવ્ડ ધૅર આઈ ઑફ્‌ન ઉવૅન્ટ આ હન્ટીંગ)

તમને ફ્રાંન્સ કેવું ગમે છે? How do you like France? (હાઉ ડુ યુ લાઇક ફ્રાન્સ ?)

મને તે ઘણું ગમે છે. I like it very much. (આઇ લાઈક ઇટ વૅરી મચ)

તમે છેક પૅરીસ તેર જશો? Will you go all the way to Paris? (ઉવીલ યુ ગો ઑલ ધી ઉવે ટુ પૅરીસ ?)

હા, સાહેબ; મારો ત્યાં થોડા દીવસ રેહવાનો ઇરાદો છે. Yes, sir; I intend staying there a few days. (યસ, સર; આઈ ઇન્ટૅન્ડ સ્ટેઇંગ ધૅર એ ફ્યુ ડેઝ)

ત્યારે તમારી સંગતથી મને મઝા પડશે, હુંબી ત્યાંજ જાઉં છું. Then I shall have the pleasure of your company, for I also am going there. (ધૅન આઇ શૅલ હૅવ ધી પ્લૅઝર ઑફ યૅાર કમ્પની, ફૉર આઇ ઑલસો ઍમ ગોઈંગ ધૅર)

હા, હું ઘણો ખુશી છું. Yes, I am very glad. (યસ, આઇ ઍમ વૅરી ગ્લૅડ)

તમે શું ધારો છો આપણે પેરીશ ક્યારે પોહોંચશું ? When do you think we shall reach Paris? (ઉવ્હૅન ડુ યુ થીન્ક ઉવી શલ રીચ પૅરીસ ?)

આપણે ત્યાં પાંચ વાગ્યા અગાઉ પોહોંચશું. We shall reach it before five o'clock. (ઉવી શૅલ રીચ ઇટ બિફૉર ફાઇવ ઓ'કલૅાક)

તમે પેરીસમાં કેટલો વખત રહેશો? How long will you stay in Paris? (હાઉ લૉંગ ઉવીલ યુ સ્ટે ઇન પૅરીસ ?)

હું હજી નથી જાણતો કે હું ત્યાં કેટલો વખત રહીશ. I do not know yet, how long I shall stay there. (આઇ ડુ નૉટ નો યટ, હાઉ લૅાગ આઈ શૅલ સ્ટે ધૅર)

નિશાળ તથા વિદ્યાર્થીઓને લગતા વાકયો.

શરૂ કરવું. To begin (ટુ બિગીન)
અભ્યાસ. Study, (સ્ટડી)
ભાષા. Language. (લૅન્ગવેજ)
ખરચ આપવો. To defray the expenses. (ટુ ડીફ્રે ધી ઍકસ્પૅન્સીસ)
તેજ. Very. (વૅરી)
મત. Opinion. (ઓપીન્યન)
હીમતથી કહેવું. To dare say. (ટુ ડૅર સે)
ખરાબ કરવું. To spoil. (ટુ સ્પૉઇલ)
હીમત કરવી. To dare. (ટુ ડૅર)
હાથ લગાડવો. To touch. (ટુ ટચ)
રજા આપવી. To permit. (ટુ પરમીટ)
સંભાળવું. To take care. (ટુ ટૅક કૅર)
ચુકી જવું. To miss. (ટુ મિસ)
અભ્યાસપાઠ. Exercises. (ઍકસરસાઇઝીઝ)
કરવા. To learn. (ટુ લર્ન)
પાકા. Thoroughly. (થરલી)

મોઢે. By heart. (બાઇ હાર્ટ)
મેહેનત Pains. (પેન્સ)
ગુમાવવો. To waste. (ટુ વેસ્ટ)
વારી. Turn. (ટર્ન)
માફ કરો. Excuse. (ઍકસક્યુઝ)
દસ્કત. Writing. (રાઇટીંગ)
ઉકલે એવા. Legible. (લૅજીબલ)
જેવા. Equal to. (ઈક્વલ ટુ)
ફેર. Difference. (ડીફ્રન્સ)
તપાસવું. To correct. (ટુ કરૅક્ટ)
ભુલ. Mistake. (મિસ્ટેક)
સુધારવું. To rectify. (ટુ રૅક્ટીફાઇ)
સુધારવું. To correct. (ટુ કરૅક્ટ)
ઉધ્યોગી. Diligent. (ડીલીજન્ટ)
શીક્ષા કરવી. To punish. (ટુ પનીશ)
વખાણવું. To praise. (ટુ પ્રેઝ)
સફાઇથી. Fluently. (ફ્લુઅન્ટલી)
કવીતા. Poem. (પોઍમ)
પસંદ કરવી. To prefer. (ટુ પ્રીફર)
ભારી. Difficult. (ડીફીકલ્ટ)
શબ્દકોશ. Dictionary. (ડીક્ષનરી)

તૈયાર કરવું To prepare. (ટુ પ્રીપૅર)
અજમાવવું. To try. (ટુ ટ્રાઈ)
કરવું. To render. (ટુ રૅન્ડર)
ખાંણો. Mines. (માઈન્સ)
ભુલી જવું. To forget. (ટુ ફરગૅટ)
આળસુ. Lazy. (લેઝી)
કાઢી મુકવું. To turn out. (ટુ ટર્ન આઉટ)
સાંભળવું. To listen. (ટુ લીસન)
વખતસર. In time. (ઈન ટાઈમ)
નહીંતો. Or else. (ઑર ઍલ્સ)
પરીક્ષા. Examination. (ઍક્ઝામીનેશન)
થવું. To take place. (ટુ ટેક પ્લેસ)
જણાવવું. To inform. (ટુ ઇનફૉર્મ)
બંધ. Closed. (ક્લોઝડ)

તમે ગુજરાતી શીખવાનો ઈરાદો રાખો છો કે? Do you intend to learn Gujarati ? (ડુ યુ ઇન્ટૅન્ડ ટુ લર્ન ગુજરાતી ?)

નહીં સાહેબ, હું ઇંગ્રેજી શીખવા ઈચ્છું છું. No, sir, I wish to learn English (નો, સર, આઈ ઉવીશ ટુ લર્ન ઈંગ્લિશ)

તમે ઇંગ્રેજી ભાષાનો અભ્યાસ ક્યારથી શરૂ કીધો છે ? When did you begin your study of the English language? (ઉવ્હેન ડીડ યુ બિગીન યૉર સ્ટડી ઑફ ધી ઈંગ્લિશ લૅન્ગવેજ ?)

હું તે હમણાં બે મહીના થયા શીખું છું. I have been learning it these two months. (આઇ હૅવ બીન લર્નિંગ ઇટ ધીઝ ટૂ મંથ્સ)

તમારો શીખવાનો ખરચ કોણ આપે છે ? Who defrays the expenses of your learning ? (હુ ડીફ્રેઝ ધી ઍક્સપેનસીઝ ઑફ યૉર લર્નિંગ ?)

મારા બાવાં. My father. (માઈ ફાધર)

આ બે માહેલી તમે કેઈ ચોપડી લેશો ? Which of these two books will you have ? (ઉવીચ ઑફ ધીઝ ટૂ બૂક્સ ઉવીલ યુ હૅવ ?)

તમારે જે ગમે તે આપો, સાહેબ. Give me whichever you like, sir. (ગીવ મી ઉવીચએવર યુ લાઇક, સર)

તમે આ ચોપડી કેટલી વખત વાંચી છે ? How many times have you read this book ? (હાઉ મેની ટાઇમ્સ હેવ યુ રેડ ધિસ બૂક ?)

મેં ત્રણ વખત વાંચી છે, અને આ ચોથી વખત વાંચું છું. I have read it three times, and now I am reading it the fourth time. (આઈ હેવ રેડ ઇટ થ્રી ટાઇમ્સ, એન્ડ નાઉ આઇ એમ રીડીંગ ઇટ ધી ફોર્થ ટાઈમ)

સાહેબજી; તમને જે ચોપડી જોઇતી હતી તે આજ કે ? Good day ; is this the very book you wanted ? (ગુડ ડે ; ઈઝ ધિસ ધી વૅરી બૂક યુ ઉવૉન્ટેડ ?)

હા, સાહેબ, એ મને આપો. Yes, sir, give it to me. (યસ, સર, ગીવ ઈટ ટુ મી)

હું ખુશી છું કે તમે પેહલો ભાગ એટલા જલદી શીખ્યા. I am glad that you learned the first part so soon, (આઇ ઍમ ગ્લેડ ધૅટ યુ લર્નડ ધી ફર્સ્ટ પાર્ટ સો સૂન)

હા, અને બીજા ભાગમાંથી મને બીજું નવું શીખવાનું મલશે. Yes, and I shall find much new to learn from the second part. (યસ, ઍન્ડ આઈ શૅલ ફાઇન્ડ મચ ન્યુ ટુ લર્ન ફ્રૅામ ધી સૅકન્ડ પાર્ટ)

પેહલા ભાગ માટે તમારૂં મત શું છે, સાહેબ ? What is your opinion about the first part, sir ? (ઉવૉટ ઇઝ યૉર ઓપીન્યન અબાઉટ ધી ફર્સ્ટ પાર્ટ, સર ?)

હું હીમતથી કહું છું કે તે ઘણી સારી, સેહલી અને ઉપયોગી છે. I dare say, it is very good, easy and useful. (આઈ ડૅર સે, ઇટ ઈઝ વૅરી ગુડ, ઇઝી ઍન્ડ યુસ્ફુલ)

તમે કેટલી ચોપડી ખરીદવા માંગો છો? How many books do you wish to buy? (હાઉ મૅની બૂક્સ ડુ યુ ઉવીશ ટુ બાય?)

હું બે લેવા માંગું છું; "ધી સેલ્ફ ઈંગ્લીશ ટીચર" અને "એ કમ્પલીટ ઇઝી લેટર રાઈટર". I wish to buy two; "The Self English Teacher." and "A Complete Easy Letter Writer." (આઈ ઉવીશ ટુ બાઈ ટૂ "ધી સેલ્ફ ઇંગ્લિશ ટીચર" ઍન્ડ "એ કમ્પ્લીટ ઈઝી લૅટર રાઈતર.")

તમે આ ચોપડી શું કામ ખરીદી છે? Why have you bought this book? (ઉવાઈ હૅવ યુ બૉટ ધિસ બૂક?)

મેં તે ખરીદી છે; કારણ કે મારે ઇંગ્રેજી શીખવું છે. I have bought it, because I want to learn English. (આઇ હૅવ બૉટ ઇટ, બિકૉઝ આઈ ઉવૉન્ટ ટુ લર્ન ઇંગ્લિશ)

તમે કેઇ ચોપડી લાવ્યા? Which book have you brought? (ઉવીચ બૂક હૅવ યુ બ્રૉટ?)

કાલે મેં તમને જે કહી હતી તે લાવ્યો છું. I have brought the book of which I spoke to you yesterday. (આઈ હૅવ બ્રૉટ ધી બૂક ઑફ ઉવીચ આઈ સ્પોક ટુ યુ યસ્તરડે)

તમે મને જે કહી હતી તે આજ ચોપડી કે? Is this the same book that you spoke to me about? (ઇઝ ધિસ ધી સેમ બૂક ધૅટ યુ સ્પોક ટુ મી અબાઉટ?)

હા, તે એજ છે; એ ઇંગ્રેજી શીખવામાં ઘણી સારી છે. Yes, it is the same: it is very good for learning English. (યસ, ઈટ ઈઝ ધી સેમ; ઇટ ઈઝ વૅરી ગુડ ફૅાર લર્નિંગ ઇંગ્લિશ)

મારી ચોપડી કોણે ખરાબ કીધી? Who has spoiled my book? (હુ હૅઝ સ્પોઈલ્ડ માઈ બૂક?)

તે કોઈએ ખરાબ કીધી નથી, કારણ તેને હાથ લગાડવાને કોઇ હીંમત કરતું નથી. No one has spoiled it because no one dares to touch it (નો વન હૅઝ સ્પૉઇલ્ડ ઇટ, બિકૉઝ નો વન ડૅર્સ ટુ ટચ ઇટ)

આખો દીવશ તમે શું વાંચોછો ? What are you reading the whole day ? (ઉવૉટ આર યુ રીડીંગ ધી હોલ ડે ?)

તમે મને જે ચોપડી આપી છે તે હું વંચું છું. I am reading the book you have lent me. (આઇ ઍમ રીડીંગ ધી બુક યુ હૅવ લૅન્ટ મી)

તમે તમારા છોકરા બાપુજીને પેલી ઇંગ્રેજી ચોપડી વાંચવાની રજા આપી છે કે ? Have you permitted your son Bapoojee to read that English book ? (હૅવ યુ પરમીટેડ યૉર સન બાપુજી ટુ રીડ ધૅટ ઇંગ્લિશ બુક ?)

હા, કારણ તે ઇંગ્રેજીનો અભ્યાસ કરવા માટે ઘણી સારી છે. Yes, because it is very good for studying English. (યસ, બિકૉઝ ઇટ ઇઝ વૅરી ગુડ ફૉર સ્તડીઇંગ ઇંગ્લિશ.)

સંભાળો, હું ધારૂં છું કે તમે એક પાનું ચુકી ગયા છો. Take care, I think you have missed a page (ટેક કૅર, આઇ થિંક યુ હૅવ મીસ્ડ એ પેજ)

નહીં, સાહેબ, મેં સોલમું પુરૂ કીધું અને સતરમું શરૂ કીધું છે. No, sir, I have finished the sixteenth, and have begun the seventeenth. (નો, સર, આઇ હૅવ ફીનીશ્ડ ધી સિક્સટીન્થ ઍન્ડ હૅવ બિગન ધી સૅવનટીન્થ)

તમે આજે કેટલા અભ્યાસપાઠ કીધા છે ? How many exercises have you learned to day ? (હાઉ મૅની ઍક્સરસાઇઝીઝ હૅવ યુ લર્નડ ટુ-ડે ?)

આજે મેં બે કીધા છે. I have learned two to-day. (આઈ હૅવ લર્નેડ ટુ ટુ-ડે)

તમે કેટલા પાઠ પક્કા શીખ્યા છો ? How many lessons have you learnt thoroughly ? (હાઉ મૅની લૅસન્સ હૅવ યુ લર્નટ થરલી ?)

જ્યારે હું આ કરી રહીશ ત્યારે પાંચ થશે. When I have done this, I shall have learnt five. (ઉહ્વૅન આઈ હૅવ ડન ધિસ, આઇ શૅલ હૅવ લર્નટ ફાઇવ)

